અવધ ટાઇમ્સ
તા. ૨૨-૪-૨૦૧૮ - રવીવાર
www.avadhtimes.net

શતાબ્દી પાટોત્સવ મહોત્સવ

શિવભક્ત કાઠીયાવાડ દિવાનજી ઉપર પ્રસન્ન થયેલ ભોળીયાનાથના પ્રાગટ્ય પછી અમરેલીનું ભાગ્ય ચમકી ઉઠયું : વૈશાખ સુદ બારસે નાગનાથ મંદિર બંધાયાને ૨૦૦ વર્ષ પૂર્ણ થશે : નાગનાથ મહાદેવ મંદિરે જૂનાજમાનામાં કાળભૈરવ બટુકભૈરવ પ્રતિમા પાછળનાં ઓરડામાં સદાવ્રત ચાલતું હતું

શ્રી નાગનાથ પ્રાગટ્ય કથા : આજથી ૨૦૦ વર્ષ પહેલા નાગનાથ મંદિર પાસે ગીચ જંગલ હતું

અમરેલી શહેરનાં ઇશાન ખુણામાં ધરતી નીચે બિરાજતાં હતાં નાગેશ્વર મહાદેવ : અહીં ગાય સ્વયંભુ ઉભી રહી દૂધની ધારાવડી કરતી હતી અને સર્પની સતત ચોકી રહેતી હતી : ગાયકવાડ સરકારની ગાય કાયમ સાંજે નાગનાથ મહાદેવ મંદિર પાસે એ જમાનામાં આવેલી ગીચ જાડીમાં જઇ દૂધની ધારાવાડી કરતી હોવાની જાણ થતા કાઠીયાવાડ દીવાનજી વિઠ્ઠલરાવ દેવાજીએ શિવપંચાક્ષરનો જાપ શરૂ કર્યો અને મહાદેવજીએ આપેલા નિર્દેષ મુજબ શુભ મૂર્હુતમાં તપાસ કરતાં ફરતા દૂધ સાથે નાગનાથ મહાદેવનાં શિવલીંગનું પ્રાગટ્ય થયું : અમરેલીમાં શિખરે સોનાના કળશવાળું એક માત્ર મંદિર નાગનાથ મહાદેવ છે

અમરેલી, જૂના જમાનામાં અમરેલી નગરી અનેક ભાગોમાં વહેંચાયેલી હતી અહી કાઠી, સૈયદ અને જૂનાગઢના નવાબ એમ ત્રણ-ત્રણ પાટીઓ હતી પરંતુ, ગાયકવાડનાં આગમન બાદ ગાયકવાડના શિવભક્ત કાઠીયાવાડ દિવાનજી વિઠ્ઠલરાવ દેવાજીનાં સમયમાં અમરેલીમાં શ્રી નાગનાથ મહાદેવનાં સ્વયંભુ પ્રાગટ્ય પછી અમરેલીનું કિસ્મત કેવું ચમકી ચૂકયું છે તે નજર સામે છે. નાગનાથ મહાદેવનાં પ્રાગટ્યની કથા સાથેની અનેક અજાણી રસપ્રદ વાતો ઉપર આજે આવી રહેલા દ્વિ શતાબ્દી પાટોત્સવ મહોત્સવ નિમિતે એક નજર નાખીએ તો અમરેલી ઉપર ગાયકવાડ સરકારે કબ્જો જમાવી અને અમરેલીમાં શુસાસન સ્થાપી રહયા હતાં. ગાયકવાડના મુત્સદી અને બાહોશ દિવાન કાઠીયાવાડ દિવાનજી શ્રી વિઠ્ઠલરાવ દેવાજીએ ગાયકવાડ સરકારની ગૌશાળા સ્થાપી હોય અને એ સમયે અમરેલી શહેર હાલનાં કસબાવાડથી લઈ નાગનાથ મહાદેવ સુધી અને નાગનાથ મહાદેવથી રાજકમલ થઈ હઠીલા હનુમાન સુધી અને ત્યાંથી જયહિન્દ ટોકીઝે થઈ જેસીંગપરા પુલના ખુણા સુધી ફરતાં ગઢ વચ્ચે આવેલું હતું આજે પાણી દરવાજા વિસ્તારમાં જ ગઢ રહયો છે બાકી તમામ જગ્યાએથી ગઢની દિવાલોનો નાશ થઈ ગયો છે. આ ગઢની દિવાલો બન્યા પહેલાં આજથી ૨૦૦ વર્ષપહેલા નાગનાથ મહાદેવ મંદિરની જગ્યાએ ગીચ જંગલ હતું. અમરેલી તેના કરતા પણ નાનું હતું.

ગાયકવાડી ગૌશાળાની ગાયો અમરેલીની ઉગમણી દિશામાંથી શરૂ થઈ દક્ષિણ દિશામાં જતી રોકડીયા પરા તળાવ વાળી નદી વાળી સીમમાં ચરવા જઈ પાછી આવે તેવા નિત્યક્રમ વચ્ચે એક ગાય સવારે પૂરું દૂધ આપે અને સાંજે ચરીને આવે ત્યારે ઓછું દૂધ આપે તેવું એક ગોવાળના ધ્યાન ઉપર આવતા તેમણે ગૌશાળાએ ચકાસણી માટે આવેલા કાઠીયાવાડ દિવાનજીને વાત કરતા કાઠીયાવાડ દિવાનજીએ આ ગાય ઉપર નજર રાખવાની સૂચના આપી હતી અને તેમાં જોયું કે આ ગાય ઘણથી જુદી પડી નાગનાથ મહાદેવ મંદિરની જગ્યા પાસે જઈ ઉભી રહેતી હતી અને તેના આચળમાંથી આપોઆપ દૂધની ધારા વહેતી હતી. આ અંગે અનેક દંતકથાઓ કાઠીયાવાડ દિવાનજીએ સાંભળી હતી ચતુર કાઠીયાવાડ દિવાનજી સમજી ગયા સાક્ષાત મહાદેવજી અહીં બીરાજે છે જેથી તેણે ૐ નમઃશિવાયનો પંચાક્ષરમંત્ર જાપ શરૂ કર્યો અને મહાદેવજીએ તેના સ્વપ્નમાં આવી આ જગ્યાએ પોતે બિરાજતા હોવાનું જણાવી ખોદકામ કરવા આદેશ આપતા બ્રાહ્મણો પાસે શુભ મૂર્હુત જોવડાવી કાઠીયાવાડ દિવાનજીએ તપાસ કરતા આ જગ્યાએ માટીનું પોપડું હતું તેને હટાવતા નીચે શિવલીંગ અને તેને ફરતી દૂધની ધારાવાડી નજરે પડી હતી સાથે સાથે આ જગ્યાએ વિશાળ નાગદેવતા પણ જગ્યાની ચોકી કરતા નજરે પડયા હતાં અને ભગવાન નાગેશ્વર પ્રગટ થયા હતાં. આથી આ સમયે સ્વયંભુ શિવજીના પ્રાગટ્ય સમાચારે આનંદ અને ઉત્સાહનો માહોલ સર્જી દીધો હતો અને વડોદરા ખાતે શ્રીમંત ગાયકવાડ મહારાજને આ સમાચાર મોકલાવાતા તેમણે અમરેલીમાં વિશાળ મંદિર બંધાવવા માટે મોટી રકમ મોકલી આપી હતી. વિક્રમ સવંત ૧૮૬૯ (આજથી ૨૦૫ વર્ષ પહેલાં) શકે ૧૭૩૪ ઈ.સ.૧૮૧૨/૧૩ મહાસુદ છઠ્ઠ બુધવારે કર્કનાં બૃહસ્પતિ, કુંભનાં ચંદ્રમાં પરિઘયોગ શતભિષા નક્ષત્ર કૌરવકરણ યુક્ત મિન લગ્નમાં નાગનાથ મહાદેવ મંદિરનો પાયો નખાયો હતો અને ત્યારથી નાગનાથ મહાદેવનાં મંદિરના બાંધકામ શરૂ થયું હતું. જે પાંચ વર્ષે પૂર્ણ થયું હતું. નાગનાથ મહાદેવ મંદિરનું કામ શાલવિંદ સીસ્ટમથી થયું હતું. પથ્થરનાં બેલાઓ વચ્ચે પોલાણમાં સીસુ ભરી બાંધકામ કરવામાં આવ્યું હતું. આપણે નાગનાથ મહાદેવ મંદિરની પ્રદિક્ષીણા કરીએ છીએ તે જગ્યામાં પણ સાલવિંદ સિસ્ટમથી બાંધકામ કરાયેલું છે. ભૂકંપ વખતે દરેક મકાનોમાં તિરાડ પડે પણ નાગનાથ મહાદેવનાં મંદિરની એક કાંકરી પણ ખરે નહિં. તેવું તેનું ૨૦૦ વર્ષ જૂનું બાંધકામ છે. નાગનાથ મહાદેવ મંદિરનાં શિલાલેખમાં જણાવ્યા અનુસાર સવંત ૧૮૭૩ સકે ૧૭૩૯ ના વૈશાખ સુદ બારસને સોમવારે હસ્ત નક્ષત્રમાં શુભબાલવકર્ણ તથા હર્ષલયોગમાં પાર્વતીજી, નંદીનાથ, ક્રમઠ કાચબો, ગણપતિ અને મારૂતિ સાથે સોનાના કળશથી કિલ્લાની પ્રતિષ્ઠા શ્રી વિઠ્ઠલરાવ દિવાનજી સાહેબે કરી અને શ્રી નાગેશ્વરનો પ્રસાદ પૂર્ણ કરાવ્યો હતો.

સમયની અનેક થપાટો વચ્ચે પણ અમરેલી નગરની રક્ષા નાગનાથ મહાદેવ કરી રહયા છે

રોગચાળો હોય કે છપનીયો કાળ હોય જયારે જયારે નગરજનોએ નાગનાથે મસ્તક નમાવ્યું છે ત્યારે શિવજીએ અમરેલી ઉપર અમિદ્રષ્ટિ નાખી છે

અમરેલી, અમરેલીનાં ૨૦૦ વર્ષ જૂનાં નાગનાથ મહાદેવ મંદિરમાં હાલ જયાં બાંકડા રાખી બેસવાની વ્યવસ્થા કરાઈ છે ત્યાં અગાઉ વાવ હતી અને તેનું પાણી લઈ શિવજી ઉપર અભિષેક કરાતો હતો પરંતુ કાળક્રમે તે વાવને પુરી નાખવામાં આવી હતી. આજે ત્યાં પક્ષીને ચણ નાખવામાં આવે છે અને બેસવાની વ્યવસ્થા છે. જૂના અમરેલી શહેરનાં ઈશાન ખુણામાં બિરાજતા શ્રી નાગનાથ મહાદેવની કૃપાદ્રષ્ટી અમરેલી ઉપર રહી છે ગમે તેવી કુદરતી આપતિ આવી હોય તે પુર હોય કે ભૂકંપ હોય અમરેલી શહેરમાં નુકસાની નથી થઈ છપનીયો કાળ હતો ત્યારે પણ આજુબાજુનાં ગામડાઓમાં પરિસ્થિતિ વિકટ હતી અને માણસો વહેંચી કાળને પાર કરાયો હતો પણ અવાર નવાર પડતા દુષ્કાળ વચ્ચે જયારે જયારે નાગનાથ મહાદેવનાં મંદિરે પર્જન્ય યજ્ઞ કરી મહાદેવજીની આરાધના કરાઈ છે ત્યારે ત્યારે અમરેલી ઉપર અચૂક વરસાદ વરસાવી વખતો વખત નાગનાથ મહાદેવે અમરેલી ઉપર પોતાની અમિદ્રષ્ટિ હોવાનું સાબિત કરી આપ્યું છે તેમાં કોઈ શંકા નથી.

૧૯૭૨ સુધી નાગનાથ મહાદેવ મંદિરનો વહીવટ રાજય સરકાર હસ્તક હતો

અમરેલી,ગાયકવાડ સરકારે આજથી ૨૦૦ વર્ષ પહેલા રૂા.૬૦ હજારનાં ખર્ચે ભવ્ય શિવાલય બનાવ્યા બાદ આ મંદિરનું સંચાલન ગાયકવાડ સરકાર હસ્તક રાખ્યું હતું. ગાયકવાડ સરકારે આ મંદિરના નિભાવ માટે અમરેલી તાલુકાનું રંગપુર ગામ અને ધારીનું રાવળદેવ ગામ આપ્યું હતું. તેમાંથી કેટલીક રકમ મંદિરના ખર્ચ માટે એકઠી કરવામાં આવી છે. આઝાદી પછી નાગનાથ મંદિરનો કબ્જો રાજય સરકાર હસ્તક આવ્યો હતો અને ૧૯૭૨ સુધી આ કબ્જો સરકાર પાસે રહયા બાદ ડોકટર જીવરાજ મહેતાએ બનાવેલા ટ્રસ્ટને નાગનાથ મંદિરનું સંચાલન સોંપવામાં આવ્યું હતું.

નાગનાથ મહાદેવ મંદિરનાં નોબતખાનામાં પહેલાના સમયે દરેક ચોઘડીયા વાગતા

અમરેલી,

અમરેલીનાં નાગનાથ મંદિરમાં એક ઓરડો નોબતખાનાનાં નામે ઓળખાતો હતો. અહીં દરેક પ્રહરે અને ચોઘડીયા મુજબ રણકાર થતો હતો જેને ચોઘડીયા વાગતા હોય તેમ કહેવાતું હતું.

નાગનાથ મહાદેવ મંદિરે રોજ સાંજે લોકો ધર્મ તરફ વળે તે માટે સત્સંગ રાખવામાં આવ્યો હતો અને તેને માટે શાસ્ત્રીજીની નિમણુંક કરવામાં આવી હતી ત્યારે એક સમય હતો અહીં સંસ્કૃતની પાઠશાળા પણ ધમધમતી હતી.

જેમ હવેલીનું ચરણામૃત લેનારા ઘોડાગાડી ચાલકનું કેન્સર મટી ગયું હતું તેમ

નાગનાથ મહાદેવનો પરચો કાઠીયાવાડ દિવાનજીનાં પ્રપૌત્રને પણ મળ્યો હતો

મુંબઇ સુધીની સારવાર કારગત ન નિવડી પણ નાગનાથ મહાદેવનાં દર્શને પ્રશાંતભાઇને આંખો પાછી આપી

અમરેલી,

શ્રધ્ધા અને અંધશ્રધ્ધા વચ્ચે બહુ પાતળી ભેદરેખા હોય છે પણ શ્રધ્ધા એ સૌથી મોટી તાકાત છે અને આજનું મેડિકલ સાયન્સ જેને ન ઓળખી શકયું હોય તેવા બનાવો અવાર-નવાર બનતા હોય છે અમરેલીમાં એક લોકવાયિકા મુજબ અમરેલીની હવેલીમાં વૈષ્ણવને ઘોડાગાડીમાં લાવનાર ઘોડાગાડી ચાલકને કેન્સર હતું ત્યારે હવેલીનાં બાવાશ્રીએ કોઈ ધર્મનાં બંધન વગર ઠાકોરજીની કૃપા તો મનુષ્ય અને જીવમાત્ર ઉપર હોવી જોઈએ તેમ કહી હવેલીનાં ચરણામૃતનું નિત્ય સેવન કરાવતા જેમ તે ઘોડાગાડી ચાલકનો કેન્સર જેવો અસાધ્ય રોગ મટયો હતો તેવી જ રીતે નાગનાથ મહાદેવની કથા પણ રોચક છે. નાગનાથ મહાદેવ મંદિરનો પાયો નાખી પ્રતિષ્ઠા કરવનાર કાઠીયાવાડ દિવાનજી વિઠ્ઠલરાવ દેવાજીનાં પ્રપૌત્ર એટલે કે તેમની ત્રીજી પેઢીનાં પ્રશાંતભાઈ નામના વંશજને આંખનો રોગ લાગું પડયો અને તેની દ્રષ્ટિ ચાલી ગઈ હતી. તેમણે મુંબઈ સુધી મોંઘામાં મોંઘી સારવાર કરાવી પરંતુ સૌએ હાથ ઉંચા કરી દીધા હતાં ત્યારે એક સાધુએ નાનકડા એવા પ્રશાંતભાઈને બજારમાં લઈ આવેલા તેના નોકરને કહયું હતું કે આ છોકરાના દાદાએ તો અમરેલીમાં મોટું મંદિર બંધાવ્યું છે તેને ત્યાં દર્શને લઈ જાઉ સારૂં થઈ જશે.

૧૯૭૦આસપાસનાંઆ બનાવની જાણ પ્રશાંતભાઈના પરિવારજનોને થતા તેમને અમરેલી નાગનાથ મહાદેવનાં દર્શને લાવવામાં આવ્યા હતાં અને અહીં ભોળીયાનાથ પાસે મસ્તક નમાવ્યા બાદ ધીમે ધીમે પ્રશાંતભાઈની ચાલી ગયેલી આંખોની દ્રષ્ટિ પાછી આવવા લાગી હતી અને તે સંપૂર્ણ પૂર્વવત થઈ ગઈ હતી ત્યાર પછી તો તે સરકારી નોકરીમાં ઉચ્ચ સ્થાને પણ પહોંચ્યા હતાં. ભગવાન નાગનાથ મહાદેવનાં આવા અસંખ્ય પરચાઓ અમરેલીમાં બનેલા છે તેવું ભાવિકો દ્રઢપણે માની રહયા છે.

જેની છત્ર છાયામાં અમરવલ્લી શહેર વિકસ્યું, ફુલ્યુ ફાલ્યું એવા દેવોના દેવ '' મહાદેવ '' નાગનાથ મહાદેવ
શ્રી નાગનાથ મહાદેવ
૨૦૦ માં વર્ષ
દ્વિશતાબ્દિ મહોત્સવ
નિમીતે અમારા
કોટી. કોટી. વંદન..
સહ '' હર હર મહાદેવ '' ....
-:: શુભેચ્છક ::-
સંતશ્રી વેલનાથ ગૃપ – અમરેલી
કાનજીભાઇ ચૌહાણ (ઉપપ્રમુખ) – નાનજીભાઇ કુરીયાજાદવ (પ્રમુખ)
ધનજીભાઇ મકવાણા (ઉપપ્રમુખ) – રમેશભાઇ મોરવાડીયા (ખજાનચી)
ચુવાળીયા કોળી સમાજ – ગુજરાત
ભરતભાઇ એન. મકવાણા (ઉપપ્રમુખ) – વિરજીભાઇ કે. સનુરા પ્રમુખ
તથા સંતશ્રી વેલનાથ ગૃપના તમામ કારોબારી સભ્યોના જયનાગનાથ

જેની છત્ર છાયામાં અમરવલ્લી શહેર વિકસ્યું, ફુલ્યુ ફાલ્યું એવા દેવોના દેવ '' મહાદેવ '' નાગનાથ મહાદેવ
શ્રી નાગનાથ મહાદેવ
૨૦૦ માં વર્ષ
દ્વિશતાબ્દિ મહોત્સવ
નિમીતે અમારા કોટી. કોટી. વંદન..
સહ '' હર હર મહાદેવ ''........
વૈશાખ સુદ - ૧૨ વિ.સ.૧૮૭૩ થી ૨૦૭૩ તા.૨૭-૪-૨૦૧૮ શુક્રવાર
સંતવાણી તા.૨૬-૪-૨૦૧૮ રાત્રે ૯:૦૦ કલાકે
સ્થળ :– સિનીયર સીટીઝન પાર્ક
શોભાયાત્રા તા.૨૭-૪-૨૦૧૮ સાંજે ૪:૦૦ કલાકે નાગનાથ મંદિરેથી પ્રસ્થાન કરશે
-:: શુભેચ્છક ::-
અતુલ મોટર્સ પરીવાર
હનુમાનપરા, બાયપાસ રોડની બાજુમાં સર્વે નં.૧૫૧/૧૫૨ અમરેલી

જેની છત્ર છાયામાં અમરવલ્લી શહેર વિકસ્યું, ફુલ્યુ ફાલ્યું એવા દેવોના દેવ '' મહાદેવ '' નાગનાથ મહાદેવ
શ્રી નાગનાથ મહાદેવ
૨૦૦ માં વર્ષ
દ્વિશતાબ્દિ મહોત્સવ
નિમીતે અમારા
કોટી. કોટી. વંદન..
સહ '' હર હર મહાદેવ ''
-:: શુભેચ્છક ::-
પટેલ કોમ્પ્યુટર્સ (સીટીમોલ, રાજકમલ ચોક, અમરેલી)
મીતલ પટેલ પરીવારના જય નાગનાથ

જેની છત્ર છાયામાં અમરવલ્લી શહેર વિકસ્યું, ફુલ્યુ ફાલ્યું એવા દેવોના દેવ '' મહાદેવ '' નાગનાથ મહાદેવ
શ્રી નાગનાથ મહાદેવ ૨૦૦ માં વર્ષ
દ્વિશતાબ્દિ મહોત્સવ
નિમીતે અમારા
કોટી. કોટી. વંદન..
સહ '' હર હર મહાદેવ ''
-:: શુભેચ્છક ::-
રવિરાજ એન્જિનિયર
શ્રી એમ.જે.ખુમાણ પરીવારના જય નાગનાથ
(બી.ઇ.સીવીલ)
અમરેલી :- ૭ કેશવ કોમ્પલેક્ષ, ૨ જો માળ, હોટલ અવધ પાસે, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
રાજકોટ :- ૬૦૨, નક્ષત્ર હાઇટસ, રૈયા ટેલીફોન એક્ષચેન્જ સામે, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ ૩૬૦૦૦૧
જામનગર :- ૨૩૩ માધવ પ્લાઝા, ૨ જો માળ, એસ.બી.આઇ. બેંક સામે લાલ બંગલો રોડ જામનગર.

જેની છત્ર છાયામાં અમરવલ્લી શહેર વિકસ્યું, ફુલ્યુ ફાલ્યું એવા દેવોના દેવ '' મહાદેવ '' નાગનાથ મહાદેવ
શ્રી નાગનાથ મહાદેવ ૨૦૦ માં વર્ષ દ્વિશતાબ્દિ મહોત્સવ
નિમીતે અમારા કોટી. કોટી. વંદન.. સહ '' હર હર મહાદેવ ''
શુભેચ્છક શ્રી તેજસ ત્રીવેદી
તથા ત્રીવેદી પરિવારના જય નાગનાથ

જેની છત્ર છાયામાં અમરવલ્લી શહેર વિકસ્યું, ફુલ્યુ ફાલ્યું એવા દેવોના દેવ '' મહાદેવ '' નાગનાથ મહાદેવ
શ્રી નાગનાથ મહાદેવ
૨૦૦ માં વર્ષ
દ્વિશતાબ્દિ મહોત્સવ
નિમીતે અમારા
કોટી. કોટી. વંદન..
સહ '' હર હર મહાદેવ '' ....
-:: શુભેચ્છક ::-
શ્રીજી સ્ટીલ
(ઓર્થોડીલર પ્રાઇમ ગોલ્ડ સ્ટીલ)
સંજયભાઇ મહેતા, સાગર મહેતા પરીવારના જય નાગનાથ
સુખનાથ ચોક, લીલીયા રોડ, અમરેલી ફોન : ૨૨૨૮૪૬

જેની છત્ર છાયામાં અમરવલ્લી શહેર વિકસ્યું, ફુલ્યુ ફાલ્યું એવા દેવોના દેવ '' મહાદેવ '' નાગનાથ મહાદેવ
શ્રી નાગનાથ મહાદેવ
૨૦૦ માં વર્ષ
દ્વિશતાબ્દિ મહોત્સવ
નિમીતે અમારા
કોટી. કોટી. વંદન..
સહ '' હર હર મહાદેવ '' ....
-:: શુભેચ્છક ::-
માદલીયા મંડપ સર્વીસ,
(ચક્કરગઢ રોડ, ગંગાનગર-૧) અમરેલી
રમણીકભાઇ એન. માદલીયા – ચંદુભાઇ એન. માદલીયા
ગોરધનભાઇ એન. માદલીયા – પરીવારના જય નાગનાથ

જેની છત્ર છાયામાં અમરવલ્લી શહેર વિકસ્યું, ફુલ્યુ ફાલ્યું એવા દેવોના દેવ '' મહાદેવ '' નાગનાથ મહાદેવ
શ્રી નાગનાથ મહાદેવ ૨૦૦ માં વર્ષ
દ્વિશતાબ્દિ મહોત્સવ
નિમીતે અમારા
કોટી. કોટી. વંદન..
સહ '' હર હર મહાદેવ ''
-:: શુભેચ્છક ::-
દ્રષ્ટિ આંખની હોસ્પિટલ
(રોયલ કોમ્પલેક્ષ, ચિતલ રોડ, અમરેલી)
ડો. અભિષેક ઠાકર પરીવારના જયનાગનાથ

જેની છત્ર છાયામાં અમરવલ્લી શહેર વિકસ્યું, ફુલ્યુ ફાલ્યું એવા દેવોના દેવ '' મહાદેવ '' નાગનાથ મહાદેવ
શ્રી નાગનાથ મહાદેવ ૨૦૦ માં વર્ષ
દ્વિશતાબ્દિ મહોત્સવ
નિમીતે અમારા
કોટી. કોટી. વંદન..
સહ '' હર હર મહાદેવ ''
-:: શુભેચ્છક ::-
જયમલભાઇ ચુડાસમા પરીવારના જયનાગનાથ

જેની છત્ર છાયામાં અમરવલ્લી શહેર વિકસ્યું, ફુલ્યુ ફાલ્યું એવા દેવોના દેવ '' મહાદેવ '' નાગનાથ મહાદેવ
શ્રી નાગનાથ મહાદેવ ૨૦૦ માં વર્ષ
દ્વિશતાબ્દિ મહોત્સવ
નિમીતે અમારા કોટી. કોટી. વંદન..
સહ '' હર હર મહાદેવ ''........
વૈશાખ સુદ - ૧૨ વિ.સ.૧૮૭૩ થી ૨૦૭૩ તા.૨૭-૪-૨૦૧૮ શુક્રવાર
સંતવાણી તા.૨૬-૪-૨૦૧૮ રાત્રે ૯:૦૦ કલાકે
સ્થળ :– સિનીયર સીટીઝન પાર્ક
શોભાયાત્રા તા.૨૭-૪-૨૦૧૮ સાંજે ૪:૦૦ કલાકે નાગનાથ મંદિરેથી પ્રસ્થાન કરશે
-:: શુભેચ્છક ::-
ઓકસફર્ડ સ્કુલ ઓફ સાયન્સ પરીવાર
માર્ગદર્શક : ગુરૂવર્યશ્રી એચ.એલ.પટેલ સાહેબ
સંચાલકો -:: મયુરભાઇ ગજેરા (સંસ્થાના સ્થાપક, સ્વપ્નદ્રષ્ટા)
નિલેષભાઇ ગજેરા (એજ્યુકેશનલ ડાયરેકટર)
પ્રહલાદભાઇ વામજા (કેમ્પસ ડાયરેકટર)